ઓક્ટોબર–૨૦૨૧ માસના પગાર ભથ્થા
અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: તજર–૧૦૨૦૧૩–૬૪૮૨૫૨–ઝ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૧૪/૧૦/૨૦૨૧

**વંચાણે લીધા:–**

(૧) ના.વિ.નો તા.૨૦/૪/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૩૮૦/ઝ

(૨) ના.વિ.નો તા.૧૩/૧૦/૧૯૯૩નો ઠરાવ ક્રમાંક:ટીજેઆર/૧૦૯૩/૮૪૬/ઝ

**ઠરાવ:–**

તા.૧૩/૧૦/૧૯૯૩ના ઉપર્યુક્ત ઠરાવથી સરકારી કર્મચારીઓના પગાર જે માસના પગાર ભથ્થા ચુકવવાપાત્ર હોય તે પછીના માસના પ્રથમ ત્રણ કામકાજના દિવસો દરમિયાન સ્ટેગરીંગ પ્રથા અનુસાર ચુકવવાના હુકમો કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તા. ૪/૧૧/૨૦૨૧ ના રોજ હોઇ, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપૂર્વક આ તહેવાર ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજય સરકારે ઓક્ટોબર–૨૦૨૧ માસના પગાર ભથ્થા તથા પેન્શનની ચુકવણી વહેલી કરવાનો નિર્ણય કરેલ છે.

ઉક્ત નિર્ણય અનુસાર ઓક્ટોબર–૨૦૨૧ માસના રાજ્ય સરકારના સરકારી કર્મચારીઓ/પેન્શનરોના પગાર ભથ્થા/પેન્શનની ચુકવણી તા.૧૩/૧૦/૧૯૯૩ના ઠરાવમાં જણાવ્યા પ્રમાણે મહિનાના પ્રથમ ત્રણ કામકાજના દિવસોને બદલે, વંચાણમાં લીધેલ તા. ૨૦/૪/૧૯૯૩ના ઠરાવમાં છુટછાટ મુકીને તા. ૨૫/૧૦/૨૦૨૧ તથા તા. ૨૬/૧૦/૨૦૨૧ દરમિયાન તબક્કાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ અનુદાનિત શૈક્ષણિક સંસ્થાઓના શૈક્ષણિક તેમજ બિન–શૈક્ષણિક કર્મચારીઓ, પંચાયત સેવાના કર્મચારીઓ તથા કરાર આધારિત નિમણૂક પામેલ કર્મચારીઓને પણ લાગુ પડશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(દિપલ હડિયલ)
નાયબ સચિવ(પેન્શન અને તિજોરી)
નાણા વિભાગ

પ્રતિ,

* માન. રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
* માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
* માન.મંત્રીશ્રી(નાણા)ના અંગત સચિવશ્રી, મંત્રીશ્રી(નાણા)નું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર

- સર્વે માન. મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
* સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.

- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ/ કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ – નાણા શાખા સહિત
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબ સાઇટ ઉપર મુકવા માટે
- સીલેકટ ફાઇલ – ઝ શાખા

---

*પત્ર દ્વારા

જા.નં .આકૃયુ/હિનિ/કંટ્રોલ/ ૫૧૪૮ /૨૦૨૧ તા.૨૧/૧૦/૨૦૨૧

**ઓક્ટોબર-૨૦૨૧ માસના પગાર ભથ્થા અને પેન્શનની વહેલી ચુકવણી કરવા બાબત.**

ઉપરોક્ત ગુજરાત સરકારશ્રી, નાણાં વિભાગના, ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૩-૬૪૮૨૫૨-ઝ, સચિવાલય, ગાંધીનગર તા.૧૪/૧૦/૨૦૨૧ ના ઠરાવમાં જણાવ્યા મુજબ ચાલુ વર્ષે દિવાળીનો તહેવાર તારીખ:૦૪/૧૧/૨૦૨૧ના રોજ હોય, કર્મચારીઓ અને પેન્શનરો આનંદ અને ઉત્સાહપુર્વક આ તહેવાર ઉજવી શકે તે બાબતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે ઓક્ટોબર-૨૦૨૧ માસના પગાર ભથ્થાં તથા પેન્શનની ચુકવણી વહેલી કરવા નિર્ણય કરેલ છે.

ઉક્ત નિર્ણય અનુસાર ઓક્ટોબર-૨૦૨૧ માસના રાજ્ય સરકારના કર્મચારીઓ/પેન્શનરોના પગાર/પેન્શનની ચુકવણી તારીખ ૨૫/૧૦/૨૦૨૧ તથા તારીખ.૨૬/૧૦/૨૦૨૧ દરમ્યાન તબક્કાવાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આથી આણંદ કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગના અધિકારીશ્રીઓ તથા બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીશ્રીઓ અને પેન્શનરો તથા ફેમેલી પેન્શનરોને માહે ઓક્ટોબર-૨૦૨૧ના માસનો પગાર ભથ્થાં તથા પેન્શનની ચુકવણી તા.૨૫/૧૦/૨૦૨૧ તથા તા.૨૬/૧૦/૨૦૨૧ દરમ્યાન તબક્કાવાર કરવા આથી જણાવવામાં આવે છે.

આ કચેરીની ફાઇલ ઉપર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવવામાં આવેલ છે.

**હિસાબ નિયામક**

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારુ.**

૧. હિસાબી અધિકારીશ્રી(પીએફ/પેન્શન), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૨. હિસાબી અધિકારી(કેશ), આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
3. ઓડીટ ઓફિસરશ્રી, પે એન્ડ પેન્શન સેલ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ
૪ આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તથા ઉપાડ અને ચુકવણાં અધિકારીશ્રીઓ તરફ પગાર ચેન્જીસની માહિતી આજ સાંજ સુધીમાં pension@aau.in પર મોકલી આપવા જણાવવામાં આવે છે.